બુદ્ધિશાળી મનુષ્ય બોલતાં પહેલાં વિચારે છે, મૂર્ખ બોલી ગયા પછી વિચારે છે શું બોલાઇ ગયું
- બુલ્વર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૬ | ૨૬ નવેમ્બર, ૨૦૧૨, સોમવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈન્ફોસીટી સંકુલમાંથી યુવતીનું અપહરણ

## માત્ર અઢી કલાકમાં ઠાસરા પાસેથી ચાર અપહરણકારોને પોલીસે ઝડપી લીધા

### યુવતીની બુમાબુમથી દોડી આવેલા સ્થાનિકોની ચાર અપહરણકારો સાથે ઝપાઝપી : જિલ્લા ભરમાં નાકાબંધી : એસ.પી. સહિતના પોલીસ અધિકારીઓ દોડતા થયા : મુંબઈના પુર્વપ્રેમીની સંડોવણી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર નજીકના ઈન્ફોસીટી વિસ્તાર પાસે હોટેલમાંથી જમીને હોસ્ટેલ તરફ જઈ રહેલી ૨૩ વર્ષીય પરપ્રાંતિય યુવતીનું દિનદહાડે ટવેરા કારમાં આવેલા ચાર શખ્સો અપહરણ કરી જતાં ચકચાર મચી જવા પામી છે. સ્થાનિક વ્યક્તિઓએ યુવતીની બુમાબુમ સાંભળીને અપહરણકારોના સકંજામાંથી છોડાવવા ઝપાઝપી પણ કરી પરંતુ છોડાવવામાં નાકામીયાબ રહેતા તાત્કાલિક પોલીસ કંટ્રોલમાં જાણ કરી દીધી હતી. પોલીસે નાકાબંધી કરીને વિવિધ ટીમો દોડતી કરી દીધી હતી અને જરૂરી વિગતો મેળવીને મોબાઈલ નંબરોના લોકેશન ટ્રેસ કરીને ગણતરીના કલાકોમાં જ અપહ્યુત યુવતી સાથે ચાર અપહરણકારોને ઠાસરા ચેક પોસ્ટ પરથી પકડી પાડ્યા છે. આ અપહરણ પાછળ પૂર્વપ્રેમીની સંડોવણી બહાર આવવા પામી છે. પોલીસે આ અંગે સઘન તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં આવેલી ઈન્ફોસીટી પાસે ટીસીએસમાં સોફટવેર એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતી અને હોસ્ટેલમાં રહેતી તથા મુળ બિહાર, પટનાની વતની ૨૩ વર્ષિય યુવતી (નામ બદલેલ છે) તેજસ્વીની આજે બપોરે ૨ વાગ્યાના સુમારે હોસ્ટેલ નજીકની એક હોટલમાંથી જમીને હોસ્ટેલ જઈ રહી હતી તે દરમ્યાન રસ્તા વચ્ચે જ ઈન્ફોસીટી પાસેથી વોચમાં ઉભેલી ટવેરા કાર તેણીની નજીક આવી પહોંચી અને અંદરથી ચાર યુવાનો ઉતર્યા...! તેણીને બળજબરીપૂર્વક ઉપાડી ગાડીમાં નાંખવા પ્રયત્નો કરતાં તેણીએ બુમાબુમ શરૂ કરી દીધી હતી. બુમો સાંભળીને આસપાસથી ટોળુ દોડી આવ્યું હતું. ટોળા સાથે પણ ધોળે દિવસે બહારના રાજયમાંથી આવી પહોંચેલા અપહરણકારોએ ઝપાઝપી કરી હતી અને યુવતીને ઉપાડીને ટવેરા ગાડી નં. એમ.પી.-૦૨ ૨૩માં નાંખીને અપહરણ કરી ભાગ્યા હતા. સ્થાનિક વ્યક્તિએ જિલ્લા પોલીસ કંટ્રોલને જાણ કરતાં જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ, ડીવાયએસપી જે.એ. જાડેજા, એલ.સી.બી. પી.આઈ.

### આરોપીઓના નામ

(૧) દારા હરદયાલસિંહ - રહે. બોમ્બે (પ્રાધ્યાપક) (મુખ્ય આરોપી-અપહરણકાંડ)
(૨) સુરેશ શ્રી રામગોપાલ જાદવ - રહે. મધ્યપ્રદેશ (કુટુંબી મામા થાય છે)
(૩) દિપક કલ્યાણ જાદવ - રહે. મધ્યપ્રદેશ (આરોપી કાકાનો દિકરો)
(૪) કમલેશ શ્રીલક્ષ્મણ કુશવાહ - રહે. મધ્યપ્રદેશ (આરોપીનો મિત્ર)

● અનુસંધાન પાન-૭ પર

## નરેન્દ્ર મોદી થ્રીડી હોલોગ્રામ મારફતે ૨૯મીએ ગાંધીનગરથી છવ્વીસ જાહેરસભા સંબોધશે

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પક્ષે પ્રચાર-પ્રસાર અભિયાન તેજ બનાવ્યું છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લાભપાંચમના શુભદિને ચાર મહાનગરોમાં થ્રીડી હોલોગ્રામ ટેકનોલોજીના માધ્યમથી એકી સાથે ચૂંટણી સભાઓને સંબોધ્યા બાદ હવે તા. ૨૯મી નવેમ્બરને ગુરૂવારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી થ્રીડી હોલોગ્રામના માધ્યમથી એક સાથે ૨૬ જેટલી ચૂંટણી સભાઓને સંબોધન કરશે.

સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તા. ૨૯મીને ગુરૂવારે થ્રીડી હોલોગ્રામના માધ્યમથી જે ચૂંટણી સભાઓને સંબોધવાના છે. જેમાં સૌરાષ્ટ્રમાં ભાવનગર-અમરેલી-જૂનાગઢ, જામનગર તથા ઉત્તર ગુજરાતના પણ કેટલાક જિલ્લાઓનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ગાંધીનગરથી સંબોધન કરશે જે ૨૬ સ્થાનો પર ટેલિકાસ્ટ કરાશે. તમામ ચૂંટણી સભાઓમાં કાર્યકરો અને લોકોની ભીડ એકત્ર કરવાની સૂચના આપી દેવામાં આવી છે. વધુને વધુ જનમેદની ઉમટી પડે તે માટે ભાજપના ચૂંટણી પ્રભારીઓને પણ સૂચનાઓ આપી દેવામાં આવી છે. સૂત્રોના કહેવા મુજબ ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર અભિયાન તેજ બનાવવામાં આવી રહ્યું છે. આજે એકજ દિવસે ભાજપે ૫૫ જેટલી જાહેરસભાઓનું આયોજન કર્યું હતું જેમાં ભાજપના રાજ્યસભાના વિપક્ષ નેતા અરૂણા જેટલી, પૂર્વ અધ્યક્ષ રાજનાથસિંહ, વૈંકેયા નાયડું, ભાજપ શાસિત બે રાજ્યોના મુખ્યમંત્રીઓ, મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ સ્મૃતિ ઈરાની વગેરેએ ચૂંટણી સભાઓને સંબોધી હતી.



(તસવીર : દિપક જાની)

તુલસી વિવાહ - કારતક સુદ-૧૧થી કારતક સુદ-૧૫ દરમિયાન તુલસી વિવાહના કાર્યક્રમો ઠેર ઠેર યોજાય છે. ચાતુર્માસ સમાપ્ત થતાં માંગલિક પ્રસંગોના શરૂઆતના દિવસોમાં જેમાં ભગવાન વિષ્ણુ સ્વંય તુલસીજી સાથે લગ્ન કરે એ પ્રસાંગની ઉજવણી દ્વારા ભારતીય સમાજ જીવનની શ્રદ્ધા અભિવ્યકત થાય છે. પ્રતિકાત્મક યોજાતા માંગલિક પ્રસંગ લગ્ન માંગલ્યના પ્રારંભનો સંદેશ આપે છે. તુલસી વિવાહ ભારતીય સાંસ્કૃતિનો એક અનોખો ઉત્સવ છે.

## ગાંધીનગરમાં શાંતિપૂર્ણ તાજીયા જુલુસ





### યા હુસેન, યા હુસેન ભવ્ય નારા સાથે ઢોલ નગારા, ત્રાંસા સાથે તાજીયા જુલુસ જાહેર માર્ગો પર નિકળ્યું

ગાંધીનગર, તા.૨૫

ઈસ્લામ ધર્મના મહાન પેગમ્બર સાહેબના દોહીત્ર નવાસા હઝરત ઈમામે હુસેને માનતા કાજે પોતાના ચુનંદા સાથીઓ સાથે વ્હોરેલી ભવ્ય શહાદતની યાદમે યમને આસુરાના દિવસે આજે ગાંધીનગરમાં ભવ્ય તાજીયા જુલુસ નીકળ્યું હતું.

ગાંધીનગરના સેકટર-૨૯, સેકટર-૨૪, સેકટર-૨૮, ચરેડી ખાતેથી યા હુસેન, યા હુસેન ભવ્ય નારા સાથે ઢોલ નગારા, ત્રાંસા સાથે તાજીયા જુલુસ જાહેર માર્ગ ઉપર નિકળ્યું હતું. જેમાં પૂર્વ મંત્રી કાસમબાપુ, મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પ્રવીણભાઈ પટેલ, વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બૂચ, કોંગ્રેસ અગ્રણી નીશીત વ્યાસ, પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, ભાજપના કોર્પોરેટર્સ, બ્રહ્માકુમારીના કૈલાશ દીદી, બયતુમાલ પ્રમુખ મોઈનભાઈ શેખ, કે.કી. મેમણ, મુસાભાઈ પાટડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હસનઅલી સૈયદે, સેકટર-૨૧માં સબીલ તથા અતિકભાઈ પીરજયાદાએ સેકટર-૨૯માં સબીલ બનાવી હતી. આ તાજીયા જુલુસમાં જશુભાઈ રાણા, હર્ષજીત પંડયા, યુસુફભાઈ પરમાર, ઈનાયત અલી સૈયદ, સબદખાન ચૌહાણ, આઝાદભાઈ મનસુરી, દરિયાખાન સિપાઈ, હમીદભાઈ રાઠોડ, ઐયુબખાન પઠાણ, હુસેનભાઈ મનસુરી, દિવારખાન બલોચ, બાબુભાઈ મનસુરી, અલ્લારખા શેખ તેમજ ગાંધીનગરની વિવિધ સંસ્થા દ્વારા તાજીયા મહોરમનું સ્વાગત કરી કોમી એકતા અને સદભાવનાના દર્શન નગરજનોએ કરાવ્યા હતા.



## અમદાવાદમાં તાજીયા જુલુસ

### જુલુસમાં ૯૩ તાજીયા, ૩૨ અખાડા, ૭૮ ઢોલ ત્રાંસા, ૧૪ નિશાન અને ૧૬ ઊંટગાડી : માર્ગો પર ખાસ વ્યવસ્થા

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ શહેરમાં આજે મહોરમ નિમિત્તે નીકળેલા તાજીયાના જુલુસમાં ૯૩ તાજીયા, ૩૨ અખાડા, ૭૮ ઢોલ ત્રાંસા અને છૈયમ પાર્ટીઓ, ૧૦ માતમી દસ્તા, ૧૪ નિશાન, અલમ પાર્ટીઓ અન ૧૬ ઊંટગાડી તથા ૧૨ ટ્રક જોડાઈ હતી.યવમે આશુરાના ભવ્ય જુલુસ ખુબ જ દબદબાભેર નિકળ્યા હતા. ગઈકાલે રાત્રે પોતપોતાના વિસ્તારમાં તાજિયાના જુલુસ પોતના નિયત માર્ગ પર નિકળ્યા હતા. તાજિયાના આ પાંચ સમુહમાં વહેચાયેલા ભવ્ય જુલુસને જોવા માટે મુસ્લિમ વિસ્તારોમાં ભારે ભીડ ઉમટી પડી હતી. મોડી રાત્ર સુધીમાં તમામ તાજિયા પરત પોતા પોતાના સ્થાને ઈમાન વાડામાં પરત ફર્યા હતા.

બપોરની નમાઝ બાદ તમામ તાજીયા આગળ એકઠા થયેલા શ્રદ્ધાળુઓએ અલ્લાહ઼ ઓ અકબર તથા યા હુસૈનના બુલંદ નારાઓથી તથા ઢોલ ત્રાસા, છૈયમના ગડગડાટ સાથે તાજીયાના જુલુસનો પ્રારંભ થયો હતો. તેના પસાર થવાના માર્ગ ઉપર કોમી એકતા અને સદભાવનાના દર્શન થયા છે. શહેરના નીયમ માર્ગ ઉપરના મોટા સ્વરૂપના જુલુસે વીજળીઘર પાસે એક મહાજુલુસના સ્વરૂપે જોડાઈને દીનભાઈ ટાવરથી ખાનપુર દરવાજા પાસેથી સાબરમતી નદી કિનારે લઈ જવાયા હતા. જુલુસમાં ૩૨ અખાડા જોડાયા હતા.

ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહંમદ સાહેબ (સઅવ) ના નવાસા હઝરત ઈમામહુસેન તથા તેમના ૭૨ સાથીઓ માનવતાના મુલ્યોના જતન માટે વહોરેલી ભવ્ય શહાદતની યાદમાં માનવતા યવમેઆસુરા અમદાવાદની ચાંદ કમિટીના નિર્ણય અનુસાર ગઈ કાલ તા. ૨૪-૧૧-૧૨ શનિવારે રાત્રે કતલની રાત તથા આજે યવમે આશુરા મનાવવામાં આવ્યા હતા.તાજીયા કમિટીના અગ્રણીઓ જે. વી. મોમીન, ફારુક શેખ, અલાબક્ષ શેખ તથા સલીમ છીપા, પરવેઝ મોમીન, અખાડી વતી ચુન્ના માસ્તર, રજબઅલી, કમીમ ઉસ્તાદ તથા આરીફ રાજપુત, ઢોલ, ત્રાંસા ટ્રક, ઉંટગાડીઓ માટે રફીક નગરીવાલા જી.પી. ચા વાલા, હબીબ મેવ વગેરે એ નીકળેલા તાજીયા જુલુસનું સંચાલન કર્યુ હતું. જગન્નાથ મંદિરના મહંત તથા એક સમિતિના સભ્યો વિજળી ઘર આગળ તાજીયાઓનું સ્વાગત કર્યુ હતું. અમદાવાદની શાન અને કોમી એખલાસ અને સદભાવનાથી શહાદતના આ પ્રસંગને ભવ્ય રીતે અદબથી ઉજવવા માટે નાગરિકોનો આભાર માન્યો હતો.

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI
T.M.T. સ્ટીલ
અહીં સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહીં કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક
સેલ્સ પ્રમોટર્સ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬